

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ચઢાવ્યા'તા માથે - એને, મતના શીંકે, અબલગી ?
એ આતંકી વૃત્તિને સહન કરશો, કબલગી?
જબલગી થશે નહીં 'ઈલાજ' જશે નહીં ચેપ -
મળે છે આશ્રય દેશમાં 'ખૂટલો' છે 'તબલગી...'

હાઈકુ

હોય છે મૂર્ખ
ખૂદ મરીને પણ -
કરે છે રાંડ!
(અસહકાર...)

કેવું વિચિત્ર?
છે તન પર છતાં -
નખ વેગડા...
(ચેપનું સીમા ઉલ્લંઘન)

### ચિંતન

**સબ ઘટ મેરે સાંઈયાં સુની સેજ ન કોય,**
**બલિહારી ઉસ સુઘટ કી, જા ઘટ પરગટ હોય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ધર્મને નામે જુદા જુદા સંપ્રદાય ઊભા કરનાર, મૃત્યુલોકના માનવીઓને કબીર કહે છે કે, 'હે માનવીઓ!! મારો સાંઈ - મારો પરમેશ્વર બધાના ઘટ એટલે દેહમાં બિરાજમાન છે. બધાનાં હૃદયમાં અંતર્યામી રુપે વસેલો છે. હૃદયરુપી કોઈ પણ શૈયા તેના વિના સૂની નથી. આ પૃથ્વી પર એવું સ્થાન કે તલ માત્ર પણ જગ્યા એવી નથી કે જ્યાં પરમેશ્વરની હાજરી ન હોય. કણ કણમાં તે સમાયેલો છે.'

પણ બલિહારી તો તે શુભ મનુષ્ય દેહની છે કે જ્યાં તે પ્રગટ થાય છે. નિરાકારમાંથી સાકાર થઈ મનુષ્યજીવોને દર્શન આપે છે. ઈશ્વર અનંત છે. જૂજવે રુપે પણ અનંત ભાસે છે. ઈશ્વર નિર્ગુણ પણ છે અને સગુણ પણ છે. માટે કબીર કહે છે નિર્ગુણ નિરાકાર પરમેશ્વરને ધર્મના જુદા જુદા પંથ સ્થાપી અલગ ગણવાનું રહેવા દો.

### સુવિચાર

- માના કી ડૂબ જાઉંગા એ ખુદા... સમુન્દર સે મગર લડ તો લેને દે મુઝે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- લક્ષ્મી સત્યને અનુસરનારી છે, કીર્તિ ત્યાગ ને અનુસરનારી છે, વિદ્યા અભ્યાસને અનુસરનારી છે અને બુદ્ધિ કર્મને અનુસરનારી છે - **સંસ્કૃત સુભાષિત**
- આપણા ધાર્યા પ્રમાણે ફળ આવે તે પુણ્યનું પ્રારબ્ધ છે, ના આવે તો પાપનું પ્રારબ્ધ છે - **એસ.ભટ્ટાચાર્ય**
- જેમ પ્રાણદારી જીવો ને મૃત્યુનો ભય હંમેશા હોય છે, તે રીતે પૈસાદાર માણસને સત્તા, જલ, અગ્નિ, ચોર અને કુટુંબીજનોથી હંમેશા ભય રહે છે - **માનસસૂત્ર**
- આપણા વર્તનથી આપણી દિશા - ગતિ-સ્થિતિ - શક્તિ - પરિસ્થિતિ અને પ્રકૃતિનો ખ્યાલ આવે છે - **ડો. હરીશ પારેખ**
- તમે પોતે ભગવાન છો જ, પણ ભગવાનના ગુણ હજી ઉત્પન્ન થયા નથી - **ડો. નીરુબહેન અમીન**
- આજનું ઔષધ : તલનું તેલમાં ચપટી અજમો અને ચપટી મરીનો ભૂકો નાખી તે નવશેકું ગરમ કરીન ગાળીને તે તેલના ટીપાં નાકમાં નાખવાથી શરદી મટે છે તથા બંધ નાક ખુલી જાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પશ્ચિમ જર્મનીના એક નાના નગરમાં જોઈગર નામનો યુવક નોકરીની શોધમાં હતો. એક કાર કંપનીમાં તેને સફાઈનું કામ મળ્યું. સફાઈનું કામ પણ એણે એવી સરસ રીતે અને જવાબદારી પૂર્વક કર્યું કે માલિકનો તે અંગકત કર્મચારી બની ગયો. બીજા કર્મચારીઓ એની ઈર્ષા કરતા. એકવાર જોઈગરને ખોટા ઈલ્જામમાં ફસાવી દીધો અને તેને જેલમાં જવું પડ્યું. જેલમાં જોઈગરને લુંટફાટ કરનારી ટોળકીના માણસો મળ્યા. બહાર નીકળી તે પણ લૂંટફાટ કરતો થઈ ગયો. તેમ કરાતં તે ફરીથી પોલીસના હાથે પકડાઈ ગયો. આ વખતે તેણે જેલમાં જવાનો ખૂબ પસ્તાવો થયો. પોતાના આ દુઃખને એણે સાબુના રેપર ઉપર કવિતાના રુપમાં લખ્યું. એ વ્યથા અનાયાસે જેલના પાદરીના હાથમાં આવી. પાદરીએ જોઈગરને સુધારવાનું કામ હાથ પર લીધું. અને જોઈગરને જેલમાં કાગળ પેન વગેરે આપવામાં આવ્યું. જોઈગરને આનંદ થયો. તેણે જેલમાં એક વાર્તા લખવાનું શરૂ કર્યું. જેલમાંથી છૂટીને તેણે સામાન્ય મહેનત મજુરીનું કામ કર્યાની સાથે પેલી વાર્તા પણ લખતો રહ્યો. તેનું એ પુસ્તક 'ધ ફોર્ટેસ' નામે પ્રકાશિત થયું. અને આ પુસ્તક થકી તે આખા જર્મનીમાં મશહુર થઈ ગયો. એક કેદીમાંથી પ્રસિદ્ધ લેખક બનવું મનુષ્યની અસીમ સંભાવનાઓની કહાની છે. આપણામાંથી દરેક લોકોમાં આ સંભાવનાઓ પડી છે. જરૂર છે તેને સાકાર કરવાની.

# લોકડાઉનમાં વ્યવહારૂ છૂટછાટો આવકાર્ય

**તંત્રીસ્થાનેથી...**

તજજ્ઞો ભલે અનિયમિતકાલીન લોકડાઉનની તરફેણ કરતા રહે પરંતુ આખરે એક દિવસ એનો વહેવારું ઉકેલ તો શોધવો જ રહ્યો. અમેરિકા અને યુરોપથી લઈ ભારત સુધીના દેશોએ ક્રમશઃ લોકડાઉન ખોલવાનો વહેવારું અભિગમ સ્વીકાર્યો છે. બધાને કડડભૂસ કરી ગગડી રહેલા અર્થતંત્રને જેટલા અંશે બચાવી શકાય એટલું બચાવવાની ખેવના જાગી છે. પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વચ્ચે તિરાડ સરજાઈ છે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચીન પર ભરોસો મૂકઈ દઈ વેળાસર ચેતવ્યા નહીં એથી અમેરિકા અને યુરોપ જેવા સંપન્ન દેશોની દુર્દશા થઈ છે, એવો સીધો આક્ષેપ ટ્રમ્પ કરતા રહ્યા છે. ચીન સામે આખી દુનિયા શંકાની સોય ધરે છે ત્યારે બહુ ટૂંકા ગાળામાં એણે કોરોના સંક્રમણ પર કાબૂ મેળવી લીધો હોવાની નોંધ લઈ વિશ્વ આરોગ્ય સંસ્થા એનાં વખાણ કરતાં થાકતી નથી. આપણે અમેરિકા કે ચીન - બે પૈકી એકેના પેંગડામાં પગ ઘાલી શકીએ એમ નથી એની પ્રતીતિ આ કોરોના સંકટ ટાણે થઈ ચૂકી છે. સરકાર ઊંઘતી ઝડપાઈ છે એમ ન કહીએ તોય કાચું તો કપાયું છે અને અર્થતંત્ર ઊંધે માથે પટકાયું છે એ તો કબૂલ્યે જ છૂટકો. મૂળ મુદ્દાથી પ્રજાનું ધ્યાન ચાતરવાના બાલિશ પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ મોડું મોડું તંત્રવાહકોને એટલું તો સમજાયું છે કે આવી કુદરતી કે ચીન સર્જિત આફત સામે લડવાની જે પૂર્વ તૈયારી હોવી જોઈએ તે આપણી પાસે નહોતી. વળી ગરમ પ્રદેશ તથા ભીડભાડમાં જીવવાની ટેવને લીધે ઊંચી ઈમ્યુનિટીને કારણે આપણને કોરોના સુધરેલા સ્વચ્છ દેશો જેટલી હાનિ નથી પહોંચાડી શક્યો એ પણ આપણુ પ્લસ પોઈન્ટ ગણાશે. લોકડાઉન વધુ લંબાવવાથી ગગડી ગયેલું અર્થતંત્ર સાવ જ ખલાસ થઈ જવાની શક્યતા પણ નકારી શકાય એમ નથી. લોકો બેકાર બની ગયા છે. માનસિક અસરો શરૂ થઈ ચૂકી છે. લૂંટફાટ અને તોડફોડનો સિલસિલો શરૂ થઈ જાય તો પોલીસ કે લશ્કરથી પણ અંકુશમાં આવે કે કેમ તે પ્રશ્ન છે. એટલે વડાપ્રધાને લોકડાઉન લંબાવવા મુદ્દે જે - તે રાજયની સરકારની ભલામણ મુજબ આગળ વધવાનું સ્વીકાર્યું છે. કુદરત આગળ કોઈનો હુકમ ચાલી શકવાનો નથી. આજે લોકોને રોજી-રોટી માટેની વ્યવસ્થાનું જ લોકડાઉન થઈ ગયું છે તે થોડું જોખમ ઉઠાવીને પણ હળવું કર્યા વગર છૂટકો નથી. અલબત્ત, જયાં કોરોનાનો ઝડપી ફેલાવો થઈ રહ્યો છે. એવા 'રેડ ઝોન' વિસ્તારોમાં તો લોકડાઉન ચાલુ રાખ્યા સિવાય બીજો ઉપાય જ નથી. ગાંધીનગર 'ઓરેન્જ' ઝોનમાં આવતું હોઈ આંશિક છૂટછાટો મળશે અને ગ્રીન ઝોન વાળા ગ્રામીણ વિસ્તારોમાં જિંદગી બહુ ઝડપથી પાટા પર આવી જશે એવી અપેક્ષા જરૂર રાખી શકાય. રાહુલ ગાંધી આંતરરાષ્ટ્રીય સ્તરના ઈકોનોમિક્સની મેથી મારતા ફરે છે. આપણાં ઔદ્યોગિક એકમો સસ્તામાં બીજા દેશો હસ્તગ કરી રહ્યા હોવાની ચિંતા એમને સતાવી રહી છે. ખરી ચિંતા તો સવારથી સાંજ વેળગી છે એવા મજૂર વર્ગની કરવી જોઈએ. એમને કામ ખપે છે. ભીખ નહીં. ભૂખ સહન થશે ત્યાં સુધી કરશે; પછી જયારે એક લિમિટ આવી જશે ત્યારે -

ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે...

એ જઠરાગ્નિ ઠારવા માટે સરકાર કુનેહપૂર્વક કારીગરો અને મજૂરોને કામ મળે એવી ગોઠવણ કરે તે જરૂરી છે.

# ઘરમાં રહેવાના સમયને પ્રેમ કરજો, આ સહજ વાતો બધી અંતરમાં ધરજો



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

ભાવનગરમાં રહેતા હરમીતના મમ્મી ખુશ છે, કારણ કે દીકરો માત્ર રસોઈ બનાવવામાં જ નહીં ઘરમાં કચરા-પોતા કરવામાં પણ રાજી થઈને મદદ કરતો થયો છે.

વલસાડમાં રહેતા ૮૪ વર્ષના હિંમતભાઈ શાહ કહે છે કે કયારેય કલ્પના કરી ન હતી એમ અમે ઘરના તમામ સભ્યો આટલો સમય ઘરમાં જ રહીએ છીએ અને વળી સહુ સતત, કોઈને કોઈ સર્જનાત્મક પ્રવૃત્તિમાં રહીએ છીએ.

વાપીના રહીશ જીતેશ શાહને ફોન કર્યો તો કહે કે 'હમણાં તો તમે પાંચ-સાત મિનિટ નહિ પચ્ચીસ મિનિટ વાતો કરો તો પણ વધુ સારું લાગે છે.'

અમદાવાદમાં રહેતા અરૂણાબા ૮૦ કરતા વધુની ઉંમરે ટેરેસમાં આવીને રોજ સવારે વોકીંગ કરે એમ તો સમજ્યા, હળવી કસરતો પણ હસતા હસતા કરે છે.

ગાંધીનગરમાં રહેતા મનોજ શુક્લને એક દિવસે ૧૫-૨૦ ફોન આવ્યા.. કારણ ? તો એ કે એના લગ્ન સમયની તસવીર ધીરેન પંડ્યાએ ફૅસબુક પર મુકીને જેમણે જેમણે જોઈ, એ તમામ મિત્રોએ સ્મરણો તાજા કર્યા, ફોન કરીને.

વ્યવસાયે વકીલ, પરંતુ સંગીતપ્રેમી અને સહૃદયી મિત્ર મિલન જોષીના હૃદયમાં સંવેદનાઓ, વિચારોનો, લાગણીનો એવો પ્રવાહ ચાલ્યો કે એને પોતાને પણ કયારેય કલ્પના નહિ હોય એટલું સરળ સભર અને સાહજિક લખાણ એક લેખકની જેમ લખતા થયા.

સ્તુતિ - ચાહતને રુદ્રી જેવી પારિવારિક સખીઓ એમના ફેમિલિ ગ્રુપમાં જૂના જૂના ફોટાઓ મુકતી થઈ અને પછી એના પર કોમેન્ટ માટે સહુ પ્રિયજનો જોડાયા થયા.

ટેરેસની અગાશીમાંથી જ સનસેટ જોઈ રહેલી આશાએ મોટી બહેનને કહ્યું, 'માણસો સનસેટ કે સનરાઈઝ જોવા કયાં કયાં દોડે છે? આપણે પણ દોડ્યા, પણ આપણા જ ઘરમાંથી આટલો સુંદર સનસેટ દેખાય છે એ આજે જાણ્યું.'

આ અને આવા પાત્રો, આવી ઘટનાઓ ગામ કે શહેરમાં જ નહિ, દરેક વિસ્તારમાં જોવા મળે છે. લોકડાઉનના આ સમયમાં દેશ હોય કે વિદેશ ઘરમાં રહીને લોકો સુરક્ષિતતાનો અનુભવ કરી રહ્યા છે ત્યારે ઘરમાં જ રહેવાનું કારણ ઘરનું વાસ્તવિક મૂલ્ય હવે લોકોને સમજાયું છે.

ઘર નાનું કે મોટું, કયારેય હોતું નથી ઘર, બસ ઘર હોય છે, પ્રેમથી સભર ઘરમાં પરિવાર જનો સાથે વીતાવી રહેલા સમયનું મૂલ્ય હવે આપણનો સમજાય છે. લીફટમાં મળી જાય ત્યારે સાવ અજાણ્યા લાગતા ચહેરાઓને લોકો પોતાની ગેલેરીમંથી સામેની ગેલેરીમાં જુએ તો કેમ છો કરતા થઈ ગયા છે.

ઘરમાં રહ્યા રહ્યા ફૂલછોડ સાથે - પુસ્તકો સાથે - ગીત, સંગીત સાથે, પંખીઓના કલરવ સાથે, ધર્મગ્રંથો અને ધાર્મિક પ્રવચનો સાથે, જુના સમયની લોકપ્રિય ટીવી સીરીયલો સાથે, જુની તસ્વીરો સાથે, જૂના સંસ્મરણો સાથે, મિત્રો સાથે, એક અર્થમાં નિકટતા વધી છે. લોકડાઉનનો સમય પણ પૂરો થશે જ અને કોરોના બિમારી પણ દૂર થશે જ... સવાલ છે ધીરજ ધરવાનો - સહેજપણે સ્વીકારનો...

અતિકઠિન સમય છે.

સમગ્ર વિશ્વ માટે અને એટલે મારા-તમારા સહુના માટે... પરંતુ પ્રત્યેક જગ્યાએ એની અસરો ઓછામાં ઓછી થાય, એમાંથી બને તેટલા વહેલા બહાર નીકળી શકાય એ માટે શાસનતંત્ર દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો થઈ જ રહ્યા છે. ડૉકટરો - સામાજિક સેવા સંસ્થાઓનો એન જનજનનો હકારાત્મક સહયોગ રાજય અને કેન્દ્ર સરકારને મળી જ રહ્યો છે. આખરે માણસ કયાંક તો ભરોસો મૂકવાનો જ છે, સુચવવામાં આવેલા નિર્દેશોનું પાલન કરવાનું જ છે, અને કવિ મિત્ર માધવ રામાનુજે લખેલા શબ્દોમાં પોઝિટીવીટીને પોતાના ચિતને જોડવાનું છે.

કોઈ મહામારી વધુ ટકતી નથી,
એમ આ સંકટ વધુ ટકશે નહિ
આ સ્થિતિ પણ આવી છે એવી જશે,
ને જીવન પાછું હતું એવું થશે.

●●●

ઘરમાં રહેવાના સમયને પ્રેમ કરજો
આ સહજ વાતો બધી અંતરમાં ધરજો.

# ગઈકાલે રાત્રે જ ઈશ્વર સાથે થયેલી ગુફ્તગૂ - પ્રભુ મોરે અવગુણ ચિત ના ધરો



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

આ હમણાંથી સવાર-સાંજ શ્રીરામ અને શ્રીકૃષ્ણનાં સાક્ષાત દર્શન દૂરદર્શન પર થાય છે, તેની અસર હેઠળ ગઈકાલે જ રાત્રે સાંપ્રત પરિસ્થિતિઓના પ્રભાવ હેઠળ ઈશ્વર સાથે સ્વપ્નમાં સંવાદ થયો તે યથાતથ આપની સમક્ષ રજૂ કરું છું.

જગતંનિયંતા ઈશ્વર,

આપ તો હમણાં હમણાંથી રોજેરોજ મુશ્કેલીરૂપી કચરો મારા આંગણામાં ઠાલવતાં જ રહો છો. ઘણા વખત સુધી તો હું મક્કમ રહ્યો, પરંતુ હવે તો હદ થાય છે, અમે તો તમારું જ અમૂલ્ય સર્જન છીએ, અને અમારી આવી દુર્દશા કરતા આપનો જીવ શી રીતે ચાલે?

મને ઘણાં લોકો કહેતા હતા કે:''ગાંડા આ તો પથ્થર છે, એને માથે ન ચડાવ. માટે જ કદાચ નિદા ફાઝલીએ કહ્યું હશે કે-

સર ઝુકાઓગે તો પથ્થર દેવતા હો જાયેગા
ઈતના મત ચાહો ઉસે વો બેવફા હો જાયેગા

આવા વચનો સાંભળવા છતાં હું તો તમારો એકતારો લઈને ફરતો રહ્યો. ઈશ્વર ઈશ્વર ઈશ્વર. તમારી એકહથ્થુ સત્તાને જ માનતો રહ્યો. તમારો મહિમા તો મેં અપરંપાર ગાયો; પણ બાપલીયા હવે તો તમે માઝા મૂકી છે ને કાંઇ! અમારા જેવા એકનિષ્ઠની પણ તમે તો રેવડી દાણાદાણ કરી દીધી છે. આખરે તમે ઈચ્છતા હો કે અમને હરાવીને અને થકવી દઈને અમારા મુખે તમારાં ભજન સાંભળી શકશો તો તમે યોગ્ય નથી કરી રહ્યા.

ફિલસૂફ કાર્લ પસ્પર્સનું વિધાન છે કે - આસ્તિક કરતાં નાસ્તિકમાં વધારે અટલ આત્મવિશ્વાસ હોય છે, કારણ કે નાસ્તિક માટે ઈશ્વરનું અવલંબન નથી. બીજા પર જવાબદારી ઢોળી દેવાની કાયર સુવિધા નથી. તેના કર્મો માટે તે સ્વયં નિર્ણય લે છે. મને લાગે છે કે, તમારી પરનો મારો રોષ મને વધુ આત્મવિશ્વાસી બનાવશે. ક્યાંક વાંચ્યું હતુ કે નિર્ણય લેવાની શકિત અનુભવમાંથી મળે છે અને અનુભવ ખોટા નિર્ણય લેવાથી મળે છે.

માનું કે હું વંઠેલ છે, પણ સાચુ કહું તો તમારી બીકથી જ તમારા પ્રત્યેની શ્રદ્ધા સદા અંધશ્રદ્ધામાં પરિણમે છે. શ્રાવણ કે અધિકમાસમાં ભક્તિનું ઘોડાપૂર ઉમટે છે. તમારા દરેક વ્રત ઉત્સવોને અમે માત્ર દેખાડો અને ઢોંગ બનાવી દીધો, નર્યો વેપાર બનાવી દીધો છે. હું સ્વીકારું છું. તમારી કુદરતને અમે જ નષ્ટ અને ભ્રષ્ટ કરી નાખી છે. નૈસર્ગિક સંતુલન અમે જ ખોરવ્યું છે.

પણ અમે તમારી પાસેથી એવી અપેક્ષા તો રાખીએ જ ને કે તમે અમને ક્ષમા કરી દેશો.આખરે છોરું કછોરું થાય, માવતર કુમાવતર થોડું થાય ?

વત્સ,

શું તું એમ માને છે કે મને કાં ખબર નથી પડતી? તારી બુદ્ધિ અને હૃદય વચ્ચે જે તોફાન ઊભું થયું છે, તેનો જવાબદાર તું સ્વયં જ છે. જે પરિસ્થિતિઓમાંથી તારું મનુષ્ય જગત પસાર થઈ રહ્યું છે, તે તો તારે ભોગવ્યે જ છૂટકો.

આજકાલ ૨૪ કલાક તમારા જીવનમાં બુદ્ધિ અને હૃદય વચ્ચે હુલ્લડ ચાલી રહ્યું છે, અને હાથે કરીને બુદ્ધિની તીક્ષ્ણ છરી લઈને તમે તમારા હૃદય પર ઘા મારી રહ્યા છો પણ એ ઘા ખરેખર તો મારા હૃદય પર પડે છે. તું મારી પાસેથી શું જવાબ માગવા નીકળ્યો છે ? ખરેખર તો તારા દરેક પ્રશ્નમાં જ, મૂળ સમસ્યામાં દોષી તમે જ છો. તે સત્ય તે સ્વીકારી લીધું છે, છતાં ઉપાયની અપેક્ષા મારી પાસેથી રાખે છે! મારાથી રિસાઈ જવાની કિંમત ઘણી મોંઘી પડશે. એટલું ચોક્કસ યાદ રાખજો કે તમે મારાથી દુર ખસી જાવ તે પહેલા હું જ તારાથી દૂર દૂર ચાલ્યો જઈશ. આમાં મારે કશું ગુમાવવાનું નથી. ખોવા જેવું તો તમારે છે, કારણકે પ્રેમની બાબતમાં તમે બુદ્ધિનો આશ્રય લઈને બેઠા છો. અંતરના અવાજને ગળે ટૂંપો દેનારાઓને મેં કદી સુખી જોયા નથી.

આ પશુ-પંખી, જળ, આકાશ, પહાડો, નદીઓ, સમુદ્ર દરેકની રચના કર્યા પછી મારી ઉત્તમ રચનારૂપે મનુષ્યને અવતરિત કર્યા અને તમે લોકોએ મારી આ અબોલ સૃષ્ટિને તહસનહસ કરી નાખી. પાછો મને છોરું કછોરું મને માવતર કમાવતર સમજાવવા નીકળ્યો છે!

(અરે બાપ રે માર્યા ઠાર! પ્રભુ તો કોપાયમાન થયા)

કૃપાળુ પરમાત્મા તમારી વગર હું ક્યાં જવાનો હતો! આ તો તમને બોલતા કરવાની યુક્તિ અજમાવી હતી, મને થયું તમને આ કપરી પરિસ્થિતિમાં જો બોલતા કરવા હશે તો મારે આ રીતે જ આપને જગાડવા પડશે. પરંતુ કૃપાનિધાન તમે તો કોપાયમાન થયા હું તો આપનો શિષ્ય છું,રાંક છું. મને ખબર ન પડી. મારો વાંક છે.પરંતુ મારી ફરિયાદમાં પણ તમારી યાદ છે એ તમે કેમ ન સમજ્યા?

હવે અમે કાન પકડીએ છીએ. ચિંતન અને મનન કરવા માટે અમને ઘણો સમય મળ્યો છે. ત્યારે હું આપને એટલું તો ચોક્કસ જણાવીશ કે અમે હવે આ મહામૂલી કુદરતની કદર કરવાના છીએ.

**જીવી શકું હું કંઇ રીતે તમને સ્મર્યા વગર!**
**પાપણ કદીય રહી શકે છે મટકું ભર્યા વગર**

**- મનહર મોદી**

- jayuoza@gmail.com
Mo.9898046488

# સાચુ કહેજો, કોરોનાએ કહેરની સાથે કરૂણાની મહેર પણ વરસાવી છે એમ નથી લાગતું?



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કોરોના ત્રણ અક્ષરના આ શબ્દનું નામ પડતા વેંત દુનિયાનો એકે એક વ્યક્તિ ફફડી જાય છે. આજે વિશ્વનો દરેક વ્યક્તિ એક ખોફ અને અગમ્ય ડરના માહોલમાં તરફડી રહ્યો છે. અઘોષિત ત્રીજા વિશ્વયુદ્ધ સામે દુનિયાના બધા દેશો ભયના ઓથાર નીચે જીવી રહ્યાં છે. કોનો વારો ક્યારે આવશે એવા ડરથી બધા લોકો સુનમુન છે. આ લખાઈ રહ્યુ છે ત્યારે વિશ્વના ૧૪ લાખ ૫૦ હજાર કરતા વધુ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈ ચૂક્યા છે. ચીનના વુહાન પછી ઈટાલી, સ્પેન અને અમેરિકા કોરોનાના ભયાનક કહેરાનો માર ઝીલી રહ્યા છે. આર્થિક રીતે સંપન્ન રાષ્ટ્રો પણ આની સામે બેબસ અને લાચાર દેખાય છે. શ્રેષ્ઠ કહેવાતી આરોગ્ય સેવાઓ વામણી પુરવાર થવા લાગી છે.

કોરોનાની મહામારીએ માનવજાતનો ભરડો લીધો અને પારાવાર પરેશાની આપી એમાં બેમત નથી પરંતુ આ સમયમાં ચિંતનના નવા દ્વાર આપોઆપ ખુલવા માંડયા છે એ પણ એટલી જ નક્કર હકીકત છે. લોકોને સમજ પડવા લાગી છે કે, લાંબુ કે શાંતિપૂર્ણ જીવવા માટે સત્તા અને પૈસા કરતા જેટલું જીવ્યા એમાં કેટલો આનંદ આવ્યો એનું મૂલ્ય સાચું છે. જીવનના અનેક રૂપ છે. અનેક રંગ છે. ક્યારેક એ પેટ પકડીને હસાવે છે તો ક્યારેક એ મન ભરીને રડાવે છે. જે વ્યક્તિ મુશ્કેલીઓમાં શાંત રહીને આનંદનો માર્ગ સ્વયં કંડારે એ નિસંદેહપણે નીખરી જાય છે. જે ભાવનાઓમાં વહી જાય એ દેશક વિખેરાઈ જાય છે.

આજની આ કટોકટીમાં એક વાત સૌ કોઈને સુપેરે સમજાઈ ગઈ છે કે, અત્યાર સુધી લોકો શું કહેશે એવા ડરથી આખું જીવન પસાર કર્યુ પણ મારા કર્મ માટે હજાર હાથવાળો ઈશ્વર શું કહેશે એ કોઈએ ક્યારેય નથી વિચાર્યું. કોરોનાની વૈશ્વિક મહામારીએ માણસને માણસ બનાવવાનું સત્કાર્ય કર્યુ છે એમ કહીએ તો કશું ખોટું નથી.

આજે એક તબીબ મિત્ર સંજયની વાત કરવી છે. વ્યવસાયે તો આ મિત્ર તબીબ છે પરંતુ એના કરતાં વધારે એક સારા વાચક, વિચારક અને અમલકર્તા છે. પ્રતિવર્ષ ઓરિસ્સા જઈને આ તબીબ મિત્ર એક પણ પૈસો લીધા વગર ગરીબ દરદીઓના ઓપરેશન અને તબીબી સારવાર કરે છે. ગીતા, ઉપનિષદ, વેદ જેવા શાસ્ત્રોના એ ઉંડા અભ્યાસી છે. તબીબ મિત્રની સેવાકીય પ્રવૃત્તિઓની વાત તો ફરી ક્યારેક કરીશું. આજે તો એમણે ફોન પર કરેલી હદય હચમચાવી મુકે એવી કેટલીક પાયાની વાત મૂકવાની ઈચ્છા છે.

ભાઈ સંજયે બે ચાર દિવસ પહેલા ફોન કરીને ખૂબ લાંબી વાતો કરી. પ્રથમ બે-ચાર મિનિટ મારી અને પરિવારની ક્ષેમકુશળતા પૂછીને એક સરસ વાક્ય કહ્યું, 'કોરોનાને હું કરુણા કહું છું. જો ખરાબ સમય જ ન આવ્યો હોત તો માણસની અંદર પડેલી સાચી સમજને બહાર આવવાનો અવસર જ ન મળ્યો હોત.'



ઈતિહાસ ગવાહ છે કે, જ્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહે છે ત્યારે કેટલાક લોકો પરિસ્થિતિના ગુલામ બની તૂટી જતા હોય છે. જ્યારે કેટલાક લોકો મુશ્કેલ પરિસ્થિતિને ઉત્સવ સમજીને રેકોર્ડ બ્રેકિંગ કામ કરી જતા હોય છે.

વ્યક્તિના આગળ વધતા અને ઉડતા રોકે એવા લોકોનો ડર ન હોવો જોઈએ. ડર તો વ્યક્તિએ પોતે રચેલા વિચારોના જાળાની જંજીરોમાં જકડાઈ રહેવાનો હોવો જોઈએ. માણસને જીવનમાં શું જોઈએ ? એનો સીધો જવાબ છે કે, માણસને જીવનમાં સુખ, શાંતિ, આનંદ અને પ્રેમ જોઈએ. પણ સૌથી મોટી વિટંબણા એ છે કે, આજે માણસ સવલતોને સુખ સમજી બેઠો છે. પૈસાને શાંતિ, વખાણને આનંદ અને દેખાડાને પ્રેમ સમજે છે. મનના જે દરવાજામાંથી શંકા અને ભય પ્રવેશે છે એ દરવાજામાંથી આનંદ, સુખ, શાંતિ અને પ્રેમ સડસડાટ બહાર નીકળી જતા હોય છે.

કોરોનાના કારણે લોકડાઉનમાં રાજાથી માંડીને રંક અને ગરીબ, શક્તિશાળીથી માંડીને નિર્બળ એકે એક વ્યક્તિ આજે કંપલસરી વિપશ્યનાનો પાઠ કરી રહી છે. જીવન બદલવા આત્મખોજ કરવી પડે. જિંદગીને બદલવા માટે સ્વયં સાથે યુદ્ધ ખેલવું પડે. જીવનને આનંદદાયક બનાવવા મનને સમજવું પડે. વર્ષોથી એક માન્યતા આપણામાં ઘર કરી ગઈ છે કે, મન ઉપર કાબુ મેળવવા મનને મારવું પડે. મનને પીંજરામાં પૂરી રાખી મારવાની જરૂર જ નથી. મનને તો આઝાદ પંખીની જેમ મુક્ત રીતે વિહરવા દેવું જોઈએ. જે વ્યક્તિ પોતે ખુશ હોય છે એનાથી આખી દુનિયા ખુશ રહે છે. શાંતિની શરૂઆત સંતોષના એક સ્માઈલ સાથે થતી હોય છે. ખરેખર શાંતિ જોઈતી હોય તો લોકપ્રિયતાની અભિલાષામાંથી બને એટલા જલ્દી બહાર નીકળી જવું પડે. સમય પસાર થાય અને જે વ્યક્તિને ફરક જ ન પડે ત્યારે એને શાંતિનો સાચો અનુભવ થતો હોય છે. શાંતિ સ્વયં એક એવોર્ડ છે. આ એવોર્ડ વ્યક્તિએ પોતાની રીતે પ્રાપ્ત કરવાનો હોય છે.

ઈશ્વરે બનાવેલા લાખો-કરોડો જીવોમાં માત્ર મનુષ્ય જ પૈસા કમાય છે. પણ મજાની વાત તો એ છે કે ઈશ્વરે બનાવેલા તમામ જીવો પૈકી કોઈ પણ જીવ સાંજ પડે ભૂખ્યો સૂતો નથી. માત્ર મનુષ્યની જ પૈસા અને સત્તાની ભૂખ રોજેરોજ વિકરાળ સ્વરૂપ પકડતી જતી હોય છે. કમાલ તો એ છે કે, આ સનાતન સત્યની માનવીને ખબર હોવા છતાં તે બેખબર બનીને બેફિકરો બનીને નિરાતે ફરે છે. સમજદાર વ્યક્તિ ભૂલો નથી કરતો પણ બીજાની ભૂલોમાંથી જીવનની સચ્ચાઈ પારખી લેતો હોય છે.

જીવન આગળ વધવાનું નામ છે. અટકવું એટલે મોત. વરસાદનું એક ટીંપુ ભલે નાનું હોય પણ અવિરત વરસીને નદીનું વહેણ બને છે. એ જ પ્રમાણે નાના નાના ખુશીના ટીપાઓની સાતત્યપૂર્ણતા આનંદની નદીનું વહેણ બની જતાં હોય છે.

આપણા દુઃખો અને કહેવાતી મુશ્કેલીઓના પાયામાં આપણો ઉપભોગતાનો રોલ રહ્યો છે. ઉત્પાદકતામાં આપણો હાથ ક્યારેય હોતો નથી. અનાજ, પાણી, વીજળી,, કપડા, રાચરચીલું, પ્રવાસ બધી બાબતોનો આપણે ઉપયોગ જરૂર કરીએ છીએ પણ એનું ઉત્પાદન તો કોઈ બીજું કરે છે. આપણે માત્ર ઉપયોગ જ કરીએ છીએ. ગરમી લાગે તો પંખો કે એસીની સ્વીચ દબાવી ઠંડક મેળવી લઈએ છીએ. નળ ચાલુ કરીએ એટલે પાણી મળી જાય. ભૂખ લાગે તો રોટલી શાક ખાઈ લઈએ છીએ. પણ ક્યારેય એવું વિચાર્યું છે ખરું કે, આ બધી બાબતમાં આપણું યોગદાન શું છે ? વિચાર કરો કે, લોક ડાઉનમાં જો અનાજ કે શાકભાજી ન મળ્યું હોત તો ? વીજળી કર્મચારીઓ થર્મલ પાવર સ્ટેશનમાં કામ કરવા ન જઈ શક્યા હોત તો ?

સો વાતની એક વાત એ છે કે, ઉપભોગતા મટી ઉત્પાદક બનવા માટે સક્રિય રીતે વિચાર કરવા જેવો છે. આપણી જરૂરિયાત પૂરતું આપણે ઉત્પાદન કેમ કરી ન શકીએ ? શા માટે અને ક્યાં સુધી બીજા ઉપર આધારીત રહી સવલતો મેળવતા રહીશું ? તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા અને સંપન્ન કહી શકાય એવા એક ડોક્ટર સંજયને ઉત્પાદકની તાકાત સમજાઈ છે. પાણી માગે તો દૂધ હાજર થાય એવા ઐશ્વર્યમાં પણ ડોક્ટર સંજય જેવા વ્યક્તિઓ સ્વ સાથે ફુટફુલ સંવાદ કરીને આનંદના માર્ગે આગળ વધી રહ્યાં છે. કોરોનાએ એક બાજુ કહેર વરતાવ્યો છે તો બીજી બાજુ કરૂણાની મહેર પણ વરસાવી છે.

**ધબકાર :**
**જો વ્યક્તિ આગળ નથી વધતો તો એનો અર્થ કે, એ પાછળ જઈ રહ્યો છે.**